## જન્મદિને વધામણી



**શૈલેષભાઈ પંડ્યા**
પૂર્વ પ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ
નિયામક, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ, ગાંધીનગર
મો. ૯૮૭૯૫ ૨૧૭૭૫



**મુકેશ દવે**
અગ્રણી - બ્રહ્મસમાજ



**ભારતીબેન હેમંતભાઈ પોપટ**
મો. ૮૭૩૫૮ ૬૦૪૪૩



**નિધિબેન આશિષભાઈ ચૌહાણ**
ફોન : ૨૩૨૩૪૩૯૭
મો. ૯૪૨૮૯ ૧૦૯૬૫



**યેશા સોની**



**અવનીબા પંકજસિંહ બિહોલા**
મો. ૯૬૨૪૧ ૯૯૦૮૯



**માહિર સાવરકર**
મો. ૯૪૨૬૩ ૩૪૩૪૯



**માહિ સાવરકર**
મો. ૯૪૨૬૩ ૩૪૩૪૯

### માનસિક વિશિષ્ટ ખેલવીરોએ જિલ્લાનું નામ રોશન કર્યું

# રાજ્યકક્ષાના વિશિષ્ટ ખેલ મહાકુંભમાં ગાંધીનગર જિલ્લાને ૪૪ મૅડલ







## ૮૭ ખેલવીરોએ ભાગ લીધો : ૬ ગોલ્ડ, ૨૩ સિલ્વર અને ૧૫ બ્રૉન્ઝ સાથે રાજ્યકક્ષાએ ગાંધીનગર જિલ્લો ચોથા ક્રમે

હિંમતનગર ખાતે તાજેતરમાં સંપન્ન થયેલા રાજ્યકક્ષાના વિશિષ્ટ ખેલ મહાકુંભમાં ગાંધીનગર જિલ્લાના માનસિક વિશિષ્ટ ખેલવીરોએ કુલ ૪૪ મૅડલ પોતાને નામ કરીને રાજ્યકક્ષાએ ગાંધીનગર જિલ્લાને ચોથો વિજેતાક્રમ અપાવ્યો છે. ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી નરેશભાઈ ચૌધરીએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે આ વર્ષે રાજ્યકક્ષાની વિશિષ્ટ ખેલ મહાકુંભ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાના ૮૭ માનસિક વિશિષ્ટ ખેલવીરોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં તેઓ એથ્લેટિક્સ, બોચી, સાઈકલિંગ, હેન્ડબૉલ, ક્રિકેટ, બેડમિન્ટન અને ટેબલ ટેનિસ જેવી રમતોમાં ભાગ લઈ રહ્યા છે. મુખ્ય કોચ અને ટીમ મેનેજર જિજ્ઞેશ રાવલના નેતૃત્ત્વમાં ખેલ મહાકુંભમાં ભાગ લઈ આવેલા આ વિશિષ્ટ ખેલવીરોએ કુલ ૪૪ મૅડલ પોતાને નામ કર્યા હતા, જેમાં ૬ ગોલ્ડ, ૨૩ સિલ્વર અને ૧૪ બ્રૉન્ઝ મૅડલનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે સ્પર્ધાના પ્રથમ દિવસે ૨૬ જેટલા મૅડલ મેળવી આ ખેલવીરો મૅડલની સ્પર્ધામાં રાજ્યમાં પ્રથમ રહ્યા હતા, જેમાં હૅન્ડબૉલ, ક્રિકેટ, સાઈકલિંગ જેવી સ્પર્ધાઓના વિજય સામેલ હતા. એ પછી તારીખ ૨૮ના રોજ પણ ૬ જેટલા મૅડલ ગાંધીનગર જિલ્લાના ખેલવીરોએ પોતાને નામ કર્યા હતા, જેમાં સાઈકલીંગ અને બોસી જેવી રમતોનો સમાવેશ થતો હતો. એ પછીના બે દિવસોમાં બાકીના મૅડલ જીતીને ખેલવીરોએ કુલ ૪૪ મૅડલ ગાંધીનગર જિલ્લાને અપાવ્યા હતા. ગાંધીનગરના ખેલપ્રેમી નગરજનો તરફથી જિલ્લાને ગૌરવ અપાવનાર આ સૌ ખેલાડીઓ, તેમના પ્રશિક્ષકો અને જિલ્લા રમતગમત અધિકારી પ્રત્યે અભિનંદનનો પ્રવાહ વહાવવામાં આવ્યો છે.

# ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૩

વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા ગાંધીનગર ખાતે સૅક્ટર-૧૯માં સ્પેશિયલ હોમમાં રહેતાં ૪૨ અનાથ બાળકો સાથે ખાસ ઉજવણી હાથ ધરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં ગાંધીનગર સ્થિત ઍલડીઆરપીના ઍનઍસઍસ ઑફિસર લૅફ. નૌરિન વૈત્તના તથા ૪૦ સ્વયંસેવકોએ બાળકો સાથે અલગ અલગ રમતો રમીને તેમની સાથે પોતાપણું દાખવ્યું હતું અને તેમને પુષ્કળ આનંદ આપ્યો હતો. બાળકોને પ્રોત્સાહિત કરવા તેમને ઈનામો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા તરફથી બાળકોને બિસ્કીટ તેમજ વેફરનો નાસ્તો આપવામાં આવ્યો હતો અને તેમને બોલપેન ભેટમાં આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતમાં ઍઈડ્સના કારણે મૃત્યુ પામેલા વ્યક્તિઓના આત્માને શાંતિ મળે તેમજ ઍચઆઈવી સાથે જીવી રહેલા વ્યક્તિઓને દીર્ઘાયુ મળે તે માટે સૌ દ્વારા સાથે મળીને પ્રાર્થના કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં રેડક્રોસ, ગાંધીનગર જિલ્લા શાખાના સલાહકાર જે ઍન પરીખ, વાઈસ ચૅરમૅન જિજ્ઞેશ રાવલ, વાઈસ પ્રેસિડેન્ટ મિલિન્દ ગુપ્તે તથા સૅક્રેટરી હિતેષ બી રાવલ ઉપસ્થિત રહ્યા હતા.

# ઈન્ડિયન રેડક્રૉસ તાલુકા શાખા દ્વારા શ્રમિકો સંગ એઈડ્સ દિવસ ઉજવાયો



## ગિફ્ટ સિટી ખાતે નિર્માણાધિન વર્લ્ડ ટ્રેડ સૅન્ટરની સાઈટ પર કામ કરી રહેલા શ્રમિકોને ઍચઆઈવી-એઈડ્સ અંગે માહિતી આપવામાં આવી

વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર તાલુકા શાખા દ્વારા વિશિષ્ટ રીતે કરવામાં આવી હતી. આ વિશિષ્ટ દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે નિર્માણાધિન વર્લ્ડ ટ્રેડ સૅન્ટરની સાઈટ પર કામ કરી રહેલા શ્રમિકોને સંસ્થા તરફથી ઍચઆઈવી અને એઈડ્સ અંગે વિશદ માહિતી આપવામાં આવી હતી તથા આ રોગથી બચવાના ઉપાયો પણ તેમને સમજાવવામાં આવ્યા હતા. મજૂરોએ પૂછેલા પ્રશ્નોના પણ સંતોષકારક જવાબો આપવામાં આવ્યા હતા. વર્લ્ડ ટ્રેડ સૅન્ટરના પ્રૉજેક્ટ જનરલ મૅનેજર અભિલેષ જૈન અને સેફ્ટી ઑફિસર ભાર્ગવ પ્રજાપતિએ આ પ્રસંગે ઉપસ્થિત રહી મજૂરોને આ દિવસની ઉજવણીનું મહત્ત્વ સમજાવ્યું હતું તથા ઍચઆઈવી-એઈડ્સ માટે સાવચેતી એ જ સમજદારી છે એ વિશે વિશેષ પ્રકાશ પાડ્યો હતો.

# જેસીઆઈ દ્વારા એચઆઈવીગ્રસ્ત બાળકોને રમકડાંનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૧

જેસીઆઈ ગાંધીનગર દ્વારા 'વિશ્વ એઈડ્સ દિવસ' નિમિત્તે સેક્ટર-૧૯માં આવેલ બોયઝ હોસ્ટેલના આચઆઈવી બાળકોને નાસ્તાનું તેમજ રમકડાનું વિતરણ જેસીઆઈ પ્રમુખ ડૉ. પરાગી જે ગાંધી દ્વારા કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં મહેમાન દિલીપ પટેલ (પૂર્વ પ્રમુખ રોટરી કલબ ગાંધીનગર) ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી. આ કાર્યક્રમનો સફળ બનાવવા માટે પ્રોજેક્ટ ચેરમેન મહેશ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. વળી જેસીઆઈના ઉત્સાહી પ્રમુખ દ્વારા ચૌધરી કોલેજ હોસ્ટેલ ખાતે એઈડ્સ અવેરનેસ પર સેમિનાર યોજવામાં આવ્યો હતો. અંતમાં જેસીઆઈના મંત્રી દિશા વી. દેસાઈએ ઉપસ્થિત સભ્યો તેમજ સંસ્થાના હોદ્દેદારોનો આભાર માન્યો હતો.

**ડાયરેક્ટ ❤ સે**

કોઈના સમય પર
હસવાની હિંમત ના કરતા
કેમ કે સમય
ચહેરા યાદ રાખે છે, સાહેબ

**મનોરંજન**

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કહાની-૨
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
અન્ડરવર્લ્ડ બ્લડ વૉર્સ (અંગ્રેજી, ૩ડી)
૨.૦૦, ૪.૦૦, ૮.૦૦
અન્ડરવર્લ્ડ બ્લડ વૉર્સ (હિન્દી, ૩ડી)
૬.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ડિયર જિંદગી
૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
ફોર્સ-૨
૭.૦૦

**સ્ક્રીન-૫**
કહાની-૨
૧૦.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૬**
કહાની-૨
૫.૦૦
ફોર્સ-૨
સવારે ૧૦.૦૦
ડીયર જિંદગી
૧.૦૦

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# યે લોગ કિતને મુનાસિબ હૈ ઈસ સફર કે લિયે

એનો ચહેરો જોયો ને મને દુષ્યંતકુમારનો શેર યાદ આવ્યો :

ન હો કમીઝ
તો પાંવ સે પેટ ઢક લેંગે
યે લોગ કિતને
મુનાસિબ હૈ
ઈસ સફર કે લિયે

એના ચહેરા પર, આંખોમાં ન સમજાય તેવી વેદના ઊતરી આવી હતી. ચાલો, થોડી માંડીને વાત કરું.

રિશેષનો સમય હતો. મારા નાનકડા જીતપુર ગામની સરકારી પ્રાથમિક શાળાના પ્રાંગણમાં કેટલાંક બાળકોથી ઘેરાઈને હું થોડી હળવાશથી ગપશપ કરી રહી હતી. એટલામાં એક બાળકી - કાજલ પર મારું ધ્યાન ગયું. તે શાળામાં પહેલાં ઘણી અનિયમિત રહેતી. હમણાંથી નિયમિત રીતે આવતી થઈ હતી. પહેલાં કરતાં થોડી વધુ વ્યવસ્થિત તૈયાર થઈને! મેં તેના બે ચોટલાના વખાણ કર્યા તે સાથે જ બાકીનાં બાળકો હસવા લાગ્યાં. મને આશ્ચર્ય થયું, પૂછ્યું તો બધાં ટીખળ કરતાં કહેવા લાગ્યા, 'બેન! એના વાળ તો પાછળથી કાપી નાંખ્યા છે.' મેં ધ્યાનથી તેની સામે જોયું, તેના ચહેરાનો રંગ ઝાંખો પડી ગયો હતો. મેં બાળકોને ન હસવા માટે ઈશારો કર્યો. પરંતુ બાળકો તો ખીલ્યાં હતાં. મેં જોયું તો કાજલના બે ચોટલા સામેથી બરાબર દેખાતા હતા પરંતુ પાછળથી વાળનો મોટો જથ્થો કાપી નાંખેલો હતો. હું કાંઈ પૂછું એ પહેલાં બાળકોએ જ રહસ્ય ખોલી નાંખ્યું, 'બહેન, એની મા બહુ દારૂ પીવે છે, એણે જ આના વાળ કાપી નાંખ્યા છે... એના પપ્પા પણ બહુ દારૂ પીવે છે....' બાળકીની આંખો જમીનમાં ખોડાઈ ગઈ, એના બે હાથની આંગળીઓ કાન-આંખની આજુબાજુ ફરવા લાગી. મેં તરત જ ઠપકો આપી બાળકોને ટીખળ ન કરવા જણાવ્યું ને સૌને મોકલી દીધાં. બાળકીની હોંશિયારી, તેની સુઘડતાના વખાણ કરી તેનો બોજ હળવો કરવાનો પ્રયાસ કર્યો. ઘંટ વાગતાં એ તો ક્લાસમાં ચાલી ગઈ પરંતુ મારું મન, મગજ સ્તબ્ધ થઈ ગયું હતું... એની પરવશતા, એની મજબૂરી, નવેક વર્ષની ઉંમરે તેણે કેવી કેવી વિકૃતિ વેઠી હશે તે વિચારે મને કમકમાં આવી ગયાં.

અહીં સ્કૂલ્સમાં ગુણોત્સવનાં પડઘમ વાગી રહ્યાં છે.... કયો ગુણોત્સવ ? કેવો ગુણોત્સવ ? જે સમાજમાં બાળકનું બાળપણ નિર્દોષ નથી રહી શકતું ત્યાં વળી કેવાં ગુણોત્સવ ? ગત વર્ષે લગભગ આ જ સમયે ગુણોત્સવ પહેલાં શાળાના એક વિદ્યાર્થીને મેં ઊભો કર્યો ને પૂછ્યું, 'તેં યુનિફૉર્મ કેમ નથી પહેર્યો ?' તેણે કહ્યું, 'પપ્પા લઈ આપતા નથી.' મને જાણવા મળ્યું કે તેના ઘરમાં દારૂણ ગરીબી છે. મજૂરી ન મળે તો ઘરમાં ખાવાનાય ફાંફા છે. સ્કોલરશીપના પૈસામાંથી ઘરનું રાશન લાવવું કે યુનિફોર્મ? તે બાળક પાસે સાજું એકેય પેન્ટ નહોતું એટલે તે ગુણોત્સવના બીજા દિવસે શાળામાં જ ન આવ્યો! ત્રીજા ધોરણનું બાળક બે દિવસ સુધી નાહ્યા વગર શાળામાં આવ્યું. કારણ પૂછ્યું તો ખબર પડી કે મમ્મીનું મૃત્યુ થયું છે, પપ્પા લકવાગ્રસ્ત છે. અશક્ત વૃધ્ધ દાદીમા આ બાળક અને તેનાં બે નાના ભાઈ-બહેનને સાચવી શકે તેમ નથી... આવી કેટલીય કહાનીઓ હૃદયમાં ભંડારી આ બાળકો જીવી રહ્યાં છે...

ત્યારે કરોડોના ખર્ચે ઉજવાતા ઉત્સવો અને તેના લક્ષ્યાંકો, હેતુઓ સામે પ્રશ્નાર્થ સર્જાયા વગર રહેતો નથી. શિક્ષણ તો સભ્ય સમાજનો એક સ્તંભ છે. તંદુરસ્ત સમાજનું ઘડતર એ પાયો છે. ગાંધીનગરના સુંવાળા રસ્તાઓ પર દોડતાં કે એસી ઑફિસમાં બેસી આ બાળકોના ભણતરની ચિંતા કરતાં કરતાં એકવાર આ છેવાડાના માનવીઓની ખરબચડી જિંદગી અને તેની વરવી વાસ્તવિકતાઓના તાપની એક આંચ લઈએ તો સમજાય કે આપણે આગળ કાર્ય શું ને કેવી રીતે કરવું!

અહીં આવીને એક પ્રશ્ન મને સ્વૈચ્છિક સંગઠનો અને સમાજના દાતાર લોકો અંગે પણ થાય છે. શિયાળાની સવારે હું શાળાએ જવા માટે મારી ગાડીની રાહ જોતી ઊભી હોઉં છું ત્યારે ઘણાં દાનવીરો સડકના કિનારે સૂઈ રહેલાં આદિવાસીઓને ધાબળાં કે સ્વેટર આપતાં હોય છે. આ એક જ નગરનાં ગરીબો એટલું દાન મેળવે છે કે દર વર્ષે મળતાં આ ધાબળાં તેઓ ઓઢતાં નથી પરંતુ વતનમાં ઘરભેગાં કરે છે. જ્યારે છેવાડાના ગામોમાં આજેય ધોમધખતી બપોરે બાળકો ઉઘાડા પગે જ શાળામાં આવે છે. મારી શાળામાં હું ૯ એપ્રિલ, ૨૦૧૫ના રોજ હાજર થઈ ત્યાં સુધી બાળકોને પીવા માટે પાણી પણ ન હતું. તંત્રની બલિહારી ગણો કે સરકારી તંત્રની મંથરતા કે મારી કમનસીબી. હજી આજે પણ મારા અથાગ પ્રયત્નો છતાં પીવાના પાણીની સગવડ શરૂ થઈ શકી નથી. ટાંકી તૈયાર, નળ તૈયાર છતાં પાણી નથી. આવું એક જ ગામ કે સ્કૂલ જ નથી, શહેર વિસ્તારનાં ગામડાઓ છોડો એટલે અભાવનો એક દરિયો ચાલુ થાય છે. એવું નથી લાગતું કે આપણી સેવાભાવી સંસ્થાઓએ પોતાના કિનારા છોડી જરા અભાવ સિંધુમાં પણ પાદપ્રક્ષાલન કરવું જોઈએ!

જો કે પ્રશ્નો ઘણા છે. બટાઈ ગયેલી દાળ અને સડેલા ઘઉં-ચોખામાંથી બનેલું મધ્યાહ્ન ભોજન પણ પ્રેમથી આરોગતાં આ બાળકોની જરૂરિયાતો ભૌતિક કરતાં મનોજૈવિક વધુ હોય એમ લાગે છે. આપણા સમાજનાં મૂળ કાચાં પડી રહ્યાં છે, તેમાં સ્નેહ, લાગણીની ભીનાશ સુકાતી જાય છે અને કુમળાં છોડ બિચારાં કરમાઈ રહ્યાં છે.

શું કરીશું ? છે કોઈ ઉપાય ?

**- સ્વાતિબા રાઓલ**

